# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-09-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતના પ્રવાસે - 35 હજાર કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગોઆમાં પશ્ચિમી ક્ષેત્રીય પરિષદની 28-મી બેઠકની અધ્યક્ષતા કરી.
3) સંરક્ષણ સંપાદન પરિષદની બેઠકમાં સશસ્ત્ર દળો માટે એક લાખ 10 હજાર કરોડ રૂપિયાથી વધુના મૂડી સંરક્ષણ ખરીદીના પ્રસ્તાવને મંજૂરી.
4) નવી દિલ્હીમાં સત્ય નિકેતન ઈમારત દુર્ઘટનામાં મૃત્યુઆંક સાત થયો – ત્રણ લોકોની હાલત ગંભીર.
5) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું, ભારત અને લક્ઝમબર્ગ વચ્ચે મજબૂત અને વિશ્વાસપાત્ર સંબંધ.
6) ગુજરાતમાં રમાતી દિવ્યાંગો માટેની વિશ્વ તિરંદાજી સ્પર્ધામાં ભારતીય ખેલાડી શીતલ દેવીએ ભારત માટે ચંદ્રક નિશ્ચિત કર્યો.

************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM GUJARAT MAHARASHTRA VISIT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત અને મહારાષ્ટ્રના પ્રવાસે રહેશે. તેઓ વડોદરામાં 35 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી તેને રાષ્ટ્રને સમર્પિત કરશે.**

## (VOICECAST: ANKITA MAKVANA)

*(... ગુજરાત પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે 20 હજાર 700 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે માલગાડીઓની ઝડપી અવરજવર માટેના 326 કિલોમીટર લાંબા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના ત્રણ મહત્વના ખંડને રાષ્ટ્રને સમર્પિત કરશે. પ્રધાનમંત્રી મુંબઈના ન્યૂ સાણંદ ઉત્તર, ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ અને ન્યૂ JNPTથી માલગાડીઓની સેવાઓને લીલીઝંડી બતાવશે. તેમજ વડોદરા અને ટાન્ડા માર્ગ વચ્ચે એક નવી રેલવે સેવાને લીલીઝંડી બતાવશે. તેનાથી વડોદરા, છોટાઉદેપુર અને અલીરાજપૂર જિલ્લાના લોકોને લાભ થશે. પ્રધાનમંત્રી છોટાઉદેપુર-ધાર પરિયોજના હેઠળ તૈયાર કરાયેલી જોબટ–ટાન્ડા રોડ નવી રેલવે લાઈનને રાષ્ટ્રને સમર્પિત કરશે. નવી રેલવે લાઈન અલીરાજપૂરના દૂરના અને આદિવાસી વિસ્તારોને રાષ્ટ્રીય રેલવે નેટવર્ક સાથે જોડશે. ઉપરાંત શ્રી મોદી નવ હજાર 700 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ત્રણ રેલવે પરિયોજનાઓ તેમજ અંદાજે એક હજાર 780 કરોડ રૂપિયાની ત્રણ રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાનું ખાતમહૂર્ત કરશે. પ્રધાનમંત્રી ગુજરાત સરકારની અંદાજે બે હજાર 600 કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પ્રસંગે તેઓ જાહેર સભા પણ સંબોધશે. ત્યારબાદ પ્રધાનમંત્રી મહારાષ્ટ્રના મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ટેસ્ટ – GFF 2026નું લોકાર્પણ કરી સભા સંબોધશે. અંકિતા મકવાણા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

# VAISHNAV GUJARAT

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ગુજરાતના પ્રવાસ દરમિયાન રાજ્યમાં ચાલી રહેલી અને આગામી રેલવે પરિયોજનાઓની પ્રગતિ અંગે માહિતી આપી.

(BYTE: ASHWINI VAISHNAW, UNION RAILWAY MINISTER)

# REV AMIT SHAH GOA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગોઆના પણજીમાં પશ્ચિમી ક્ષેત્રીય પરિષદની 28-મી બેઠકની અધ્યક્ષતા કરી. કેન્દ્ર અને સભ્ય રાજ્યો સાથે જોડાયેલા મુદ્દાઓની ચર્ચા માટે યોજાયેલી આ બેઠકમાં સંકલન અને સંયુક્ત કાર્યવાહી સંબંધિત વિષય પર વિશેષ ભાર અપાયો. બેઠકમાં ગોઆના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સહિત અન્ય લોકો ઉપસ્થિત રહ્યા.

ઉપરાંત શ્રી શાહે  આજે ગોવા પોલીસને પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પોલીસધ્વજ પણ અર્પણ કર્યા બાદ શ્રી શાહે ગોવા પોલીસની પ્રશંસા કરી હતી.

(BYTE: AMIT SHAH, HOME MINISTER)

કેન્દ્રીય ગૃહમંત્રીએ ગોઆ પોલીસને કેફી પદાર્થ સામેના અભિયાનમાં નેતૃત્વ કરવા અને વર્ષ 2029 સુધીમાં આ સમસ્યાને સમાપ્ત કરવાની દિશામાં કામ કરવા આહ્વાન કર્યું.

# DEF DAC APPROVAL

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં આજે યોજાયેલી સંરક્ષણ સંપાદન પરિષદની બેઠકમાં સશસ્ત્ર દળો માટે એક લાખ 10 હજાર કરોડ રૂપિયાથી વધુના મૂડી સંરક્ષણ ખરીદીના પ્રસ્તાવને મંજૂરી અપાઈ. સેના માટે રાસાયણિક જૈવિક રેડિયોલૉજિકલ અને પરમાણુ નિરીક્ષણ વાહન, ઉચ્ચ ગતિશીલતા ધરાવતા વાહન, સ્વચાલિત માઇન લેયર, અત્યાધુનિક ઓછા વજનવાળું હેલિકૉપ્ટર, ટ્રૉલ ટૅન્ક અને સર્વત્ર બ્રિજ સિસ્ટમની ખરીદીને પણ મંજૂરી અપાઈ.

નૌકાદળ માટે અરુધ્રા રડારની ખરીદી તથા દરિયાઈ ગૅસ ટર્બાઈનની ડિઝાઈન અને વિકાસ બાદ તેની ખરીદીના પ્રસ્તાવને મંજૂરી મળી. અરુધ્રા રડાર નૌકાદળના વિવિધ વિમાનમથક પર વર્તમાન હવાઈ માર્ગ સર્વેલન્સ રડારની જગ્યા લેશે. જ્યારે દરિયાઈ ગેસ ટર્બાઈનથી યુદ્ધજહાજોને ગતિ આપતી પ્રણાલિ માટે વિદેશી કંપનીઓ પર નિર્ભરતા ઘટશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું, 98 ટકા ખરીદી ભારતીય ઉદ્યોગમાંથી કરાશે. સીબીઆરએન નિરીક્ષણ વાહન દૂષિત ક્ષેત્રોની ઓળખ, દેખરેખ અને તેને ઓળખી કાઢવામાં સક્ષમ હશે.

# DELHI CM ORDER

નવી દિલ્હીમાં સત્ય નિકેતન ઈમારત ધરાશાયી થવાની દુર્ઘટનામાં મૃત્યુઆંક સાત થયો. જ્યારે ત્રણ લોકોની હાલત ગંભીર હોવાનું જણાયું છે. દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, ધરાશાયી થયેલી ઇમારતના કથિત માલિકની ધરપકડ કરવામાં આવી. તેમણે કહ્યું, નાયબ કમિશનર, અધિક્ષક ઇજનેર, સહાયક ઇજનેર અને જૂનિયર ઇજનેર સહિત પાંચ મહાનગરપાલિકાના અધિકારીઓને તાત્કાલિક ફરજમોકૂફ કરાયાં. તેમણે કહ્યું, દિલ્હીમાં પાંચમા માળની ઇમારતોને તાત્કાલિક સિલ કરવા પણ આદેશ અપાયો.

(BYTE: REKHA GUPTA, CHIEF MINISTER OF DELHI)

રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – NDRF દ્વારા ઘટનાસ્થળ પર તપાસ અને બચાવ કામ ચાલી રહ્યું છે.

# JAISHANKAR LUXEMBOURG DPM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું, સમગ્ર વિશ્વ અનિશ્ચિતતાઓથી ચિંતિત છે. ત્યારે ભારત અને લક્ઝમબર્ગ વચ્ચે મજબૂત અને વિશ્વાસપાત્ર સંબંધ છે. નવી દિલ્હીમાં આજે બપોરે લક્ઝમબર્ગના નાયબ પ્રધાનમંત્રી વિદેશ બાબતો અને વેપાર મંત્રી જૅવિયર બેટેલ સાથેની મુલાકાત દરમિયાન તેમણે આ વાત કહી. શ્રી જયશંકરે આ વર્ષની શરૂઆતમાં તેમના લક્ઝમબર્ગ પ્રવાસને યાદ કર્યો. તેમણે કહ્યું, તાજેતરના વર્ષોમાં પણ બંને પક્ષના નેતાઓએ ઘણી વાર એકબીજા સાથે સંવાદ કર્યો છે.

(BYTE: DR. S. JAISHANKAR, FOREIGN MINISTER)

વિદેશ મંત્રીએ કહ્યું, વેપાર, રોકાણ અને નાણાકીય સહકાર બંને દેશના સંબંધનો આધાર રહ્યો છે. તેમણે કહ્યું, બંને દેશ અવકાશ, ડિજિટલ અને ગ્રીન ટેક્નોલૉજીમાં સહકારની સંભાવનાને પણ શોધી રહ્યા છે. ડૉ. જયશંકરે કહ્યું, કોરોના મહામારી બાદ ભારત અને લક્ઝમબર્ગ વચ્ચે સ્વાસ્થ્ય સહકારમાં વૃદ્ધિ થઈ છે.

# PARA ARCHERY

ગુજરાતના અમદાવાદમાં ચાલી રહેલી દિવ્યાંગો માટેની વિશ્વ તિરંદાજી સ્પર્ધામાં વર્તમાન વિશ્વ વિજેતા ભારતીય ખેલાડી શીતલ દેવીએ ભારત માટે ચંદ્રક નિશ્ચિત કર્યો. સ્પર્ધાના ત્રીજા તબક્કાના ત્રીજા દિવસે તેમણે મહિલા કમ્પાઉન્ડ વ્યક્તિગત ફાઈનલમાં પ્રવેશ કર્યો.

ઑલ ઇન્ડિયન સેમિફાઈનલમાં જમ્મુનાં તીરંદાજ સરિતાને 145–143થી હરાવીને સુવર્ણ ચંદ્રકના મુકાબલામાં શીતલ દેવીએ પોતાનું સ્થાન પરત મેળવ્યું. હવે ફાઈનલમાં તેમનો મુકાબલો કઝાખસ્તાનનાં એઝાદ સિદાન સામે થશે. જ્યારે સરિતા કાંસ્ય ચંદ્રકની મેચમાં ચીનનાં વાન્ગ હુઇટિંગ સામે ટકરાશે.

# PM JAYANT SINGH ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી જયંત સિંહે લખેલા લેખને સોશિયલ મીડિયા પર શૅર કર્યો. શ્રી મોદીએ કહ્યું, શિક્ષક, શિક્ષા કે કલાકાર શીર્ષક સાથેના આ લેખમાં જયંત સિંહે જણાવ્યું કે, શિક્ષણ એક કળા અને રચનાત્મક કાર્ય છે. આ માટે માનવીય જોડાણ, શિક્ષણ પદ્ધતિ અને વિદ્યાર્થીઓની ક્ષમતાઓને ઓળખવાની ક્ષમતા જરૂરી છે.

આ લેખમાં શ્રી સિંહે એમ પણ જણાવ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, ઉલ્લાસ વિદ્યાંજલિ અને અન્ય પહેલ શિક્ષણ અને શીખવાની પ્રક્રિયાને મજબૂત કરી રહી છે. સાથે જ દરેક શિક્ષકના રાષ્ટ્રનિર્માણમાં યોગદાનને પણ માન્યતા અપાઈ રહી છે.

# ISRO PRIVATISATION

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ઇસરોના અધ્યક્ષ વિ. નારાયણને ઇસરોના ખાનગીકરણ સાથે જોડાયેલા સમાચારને ફગાવી દીધા છે. બેંગ્લોરમાં આજે C.I.I.ના પ્રદર્શની દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું, ઇસરો એક સરકારી સંગઠન છે અને તેના ખાનગીકરણનો કોઈ પ્રશ્ન જ નથી.

શ્રી નારાયણને કહ્યું, સરકારના નિર્દેશ અને નવી અવકાશ નીતિ અંતર્ગત અવકાશ કાર્યક્રમમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવામાં આવી રહી છે, જેથી અવકાશ પ્રવૃત્તિઓનું વિસ્તરણ કરી શકાય. ઇસરોની મર્યાદિત ભૂમિકા અને બજેટ સાથે જોડાયેલા આક્ષેપ અંગે શ્રી નારાયણને કહ્યું ઇસરોની ભૂમિકા ઘણી વધી છે  અને સરકાર તરફથી અપાતું બજેટ તેની જરૂરિયાતને પહોંચી વળવા પૂરતી છે.

# SHIVRAJ KVK REVIEW MEET

નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં એક ઉચ્ચસ્તરની બેઠક યોજાઈ. તેમાં રાજ્યોની ભાગીદારી વધારીને કૃષિ વિજ્ઞાને કેન્દ્રોને મજબૂત કરવાની કાર્યયોજનાની સમીક્ષા કરવામાં આવી. બેઠકમાં ખાસ કરીને માર્ચ 2027 સુધી પ્રાથમિકતા ધરાવતા 300 કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં માળખાકીય સુવિધાઓને આધુનિક બનાવવા અંગે ચર્ચા થઈ. શ્રી ચૌહાણે એ વાત પર ભાર આપ્યો કે, નિર્ધારિત સમયમર્યાદામાં લક્ષ્ય હાંસલ કરવા રાજ્ય સરકારોની સક્રિય ભાગીદારી અને સમય પર સહકાર ઘણો જરૂરી છે.

શ્રી ચૌહાણે કહ્યું, કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની કાયાપલટ માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે યોગ્ય સંકલન, સમયસર નાણાકીય મદદ, આધુનિક માળખાકીય સુવિધા, પૂરતું માનવબળ અને જિલ્લાસ્તરની કાર્યયોજનાને અસરકારક રીતે લાગૂ કરવાની જરૂર છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)